city ભાસ્કર



ફોરેનથી અમદાવાદમાં ઇન્ટર્નશિપ કરવા માટે આવેલાં વિદ્યાર્થીઓમાં ડાબેથી માર્ટ લેનગેરિઇસ, વિતોર સુડા, માહમૌદ સુલતાન, હાઇ ક્વોક, ફ્રાન્સેસ્કા કેવેલિયન, મેરી ખલાફ અવાદ, નાઝગુલ આઇસ્સોવા, ઇનકાર કુલબોત્યરોવાએ અમદાવાદાની ગુફા ખાતે સિટી ભાસ્કરને ખાસ પોઝ આપ્યો હતો.

વિદેશી સ્ટુડન્ટ્સ અભ્યાસને લગતાં વિષયમાં ઇન્ટર્નશિપ માટે ભારતની પસંદગી કરી રહ્યાં છે. હાલમાં જર્મનીની સ્ટુડન્ટ લૌરા ઇન્ટર્નશિપ કરવા આવી, તે સાથે અન્ય સ્ટુડન્ટ્સ પણ શહેરની સંસ્થાઓમાં ઇન્ટર્નશીપની કરી રહ્યાં છે.

# ઇન્ટર્નશિપ માટે શહેરમાં આવ્યા વિદેશી સ્ટુડન્ટ્સ

શ્રદ્ધા બિલવાલ : અમદાવાદ

તાજેતરમાં જ અમદાવાદ બેઝ્ડ ભારતની જાણીતી વાઘબકરી ચાની કંપનીમાં ઇન્ટર્નશિપ કરવા માટે જર્મનીની ઇકોનોમિક્સ સ્ટુડન્ટ લૌરા કોવાલ્લિક અમદાવાદ આવી. ત્યારે અન્ય 8થી 10 ફોરેન સ્ટુડન્ટ્સ નોધરલેન્ડ, ઇજીપ્ત, કઝાકિસ્તાન, ઇટાલી, બ્રાઝિલ, હોન્ગકોંગથી અમદાવાદમાં ઇન્ટર્નશિપ કરવા માટે આવ્યાં છે.



લૌરા કોવાલ્લિક

ગુજરાતી વિદ્યાર્થીઓમાં ફોરેન અભ્યાસ કરવા જવાની હોડ લાગી હોય શહેરમાં ઘણી સંસ્થાઓ છે, જે દુનિયાભરનાં વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ માટેની તક પૂરી પાડે છે અને તેમને અનુભવ કરવાનો મોકો આપે છે. સિટી ભાસ્કર સાથેની ખાસ મુલાકાતમાં આ વિદ્યાર્થીઓએ તેમનાં લર્નિંગ અનુભવો વિશે જણાવ્યું. લૌરાએ અહીંયાનાં લર્નિંગ અનુભવ વિશે જણાવ્યું કે, જર્મનીમાં એક ફૂડ એક્ઝિબિશન કોલોગ્ન યોજાય છે, તેમાં હું ગઇ હતી અને મેં ભારતની ચાની કંપનીને જોઇ. ત્યારબાદ મેં ભારતમાં ચાનાં બિઝનેસ વિશે ઘણું સાંભળ્યું હોઇ, હું ઇન્ટર્નશિપ માટે અહીંયા આવી. અહીંયા હું એશિયન માર્કેટ, ફેક્ટરી, બ્લેન્ડિંગ, પ્રોડક્શન વગેરે શીખી.

ભવિષ્યમાં મારે ઇન્ટરનેશનલ માર્કેટિંગમાં અભ્યાસ કરવો છે.આ ઇન્ટર્નશિપ દરમિયાન મેં ફેસબૂક પર કોન્ટેસ્ટ રાખ્યો હતો. જેમાં જર્મનીમાં રહેતાં ભારતીયોને આ સ્પર્ધામાં મેં સામેલ કર્યાં હતાં. તેમાંથી જે સ્પર્ધાનાં વિજેતા બને તેમને અમુક ગિફ્ટ્સ આપવામાં આવ્યાં હતાં. આમ મેં તેમને અહીંયાની

## અહીં મને બાળકોને ભણાવવાનું ખૂબ ગમે છે

હું અમદાવાદમાં અવબોધ એનજીઓ સાથે ઇન્ટર્નશિપ કરવા માટે આવી છું. હજુ મને 15 દિવસ જ થયાં છે, પણ હું પાલડી ગામમાં નાના બાળકોને અંગ્રેજી શીખવવા માટે ગઇ હતી. હું ઇટાલીમાં ભાષામાં જ ગ્રેજ્યુએટ થઇ છું, જેમાં હું હિન્દી, સ્પેનિશ અને ફ્રેન્ચ શીખી છું. ભારતમાં ઇન્ટર્નશિપ કરવાનું કારણ એ છે કે મારા પેરેન્ટ્સનાં ભારતીય મિત્રો હોવાને લીધે હું પહેલેથી જ ભારતીય સંસ્કૃતિને વધુને વધુ જાણવા માંગતી હતી. વળી, બાળકો પાસેથી જીંદગી જીવતાં શીખાય છે, તેથી હું તેમનાં સંપર્કમાં રહેવા માંગું છું. મારા માટે ભારત આવવું એક અદભૂત તક છે. હું બાળકોને ઇમેજીસ, મિમિક અને ટ્રાન્સલેટર્સની મદદથી અંગ્રેજી શીખવું છું.

**-ફ્રાન્સેસ્કા કેવેલિયન,** ઇટાલી.

## હેન્ડવર્કથી બનેલી વસ્તુઓનું માર્કેટિંગ કરુ છું

હું આઇરેપ સંસ્થા સાથે ઇન્ટર્નશિપ કરી રહ્યો છું. ભારત અને ઇજીપ્તની સંસ્કૃતિમાં ઘણી સામ્યતા છે, તેથી મેં અહીંયા ઇન્ટર્નશિપ કરવાનો નિર્ણય લીધો. હું અમદાવાદમાં આવ્યો પછી અહીંયાનાં નજીકનાં ગામડામાં મહિલાઓનાં હેન્ડવર્કથી બનેલી વસ્તુઓનાં માર્કેટિંગમાં તેમને મદદ કરી હતી. આ મહિલાઓ કેન્ડલ્સ, પિલો કવર્સ વગેરે જેવી વસ્તુઓ બનાવે છે, જેને હું સેલ કરવામાં વિલેજ એલિગન્સ નામની સંસ્થાને મિડીયેટર રાખીને મદદ કરું છું. અમે આ મહિલાઓને તેમની પ્રોડક્ટનાં પૂરેપૂરા રૂપિયા પાછા આપીએ છે. આમ હું અહીંયા માર્કેટિંગ શીખી રહ્યો છું.

**-માહમૌદ સુલતાન,** ઇજીપ્ત

## અહીંયા સોશિયલ અને વર્કલાઇફ ભેગી છે

હું પબ્લિક એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસ પૂરો કરીને વેકેશન દરમિયાન અહીંયા ઇન્ટર્નશિપ કરવા માટે આવ્યો છું. મારે ઇન્ટર્નશિપ એબ્રોડમાં કરવી હતી, જેથી મેં આઇસેકનો સંપર્ક કરીને ભારતને સિલેક્ટ કર્યું. આ એક નવો જ અનુભવ છે. હું અહીંયા રમન ડેવલોપમેન્ટ નામની મેનેજમેન્ટ કન્સલટન્સી કંપનીમાં ઇર્ન્ટનશીપ કરી રહ્યો છું. જેમાં હું પોલીસ એકેડેમીની ટ્રેનિંગ માટેનાં મોડ્યુલ્સ તૈયાર કરું છું. કામ જરાક બોરિંગ છે, પણ મેં અહીંયા જોયું કે લોકો સોશિયલ લાઇફ અને વર્કલાઇફ ભેગી રાખે છે. નેધરલેન્ડમાં જ્યાં કામ કરો ત્યાં ક્યારેય કોઇ સોશિયલ લાઇફની ચર્ચા ન કરે. જ્યારે અહીંયા લોકો વધારે ફ્રેન્ડલી છે.

**-માર્ટ લોન્ગેરિઇસ,** નેધરલેન્ડ